શ્રાવણ માસમાં શિવજીના પ્રસાદને બહાને ગાંજાની ડિમાન્ડ

શેરથા ટોલટેક્સ પાસેથી ગાંધીનગર એસઓજીએ પકડેલા ડ્રગ પેડલરનાં ઇન્ટ્રોગેશનમાં સ્ફોટક વિગતો ખુલી
આરોપીઓ ચાર દિવસના રિમાન્ડ ઉપર : એસ.ઓ.જી.ની એક ટીમ પાટણ અને બીજી ટીમ સુરત રવાના

ગાંધીનગર, તા.૧૨

શ્રાવણ માસમાં ત્રણ પ્રકારના અલગ-અલગ ભક્તો ડિવાઇડ થઈ ગયા છે. એક પ્રકારના ભક્તો કે જે ઉપવાસ કરીને દરરોજ શિવજીના મંદિરે દર્શન કરી બીલીપત્ર અને દૂધનો અભિષેક કરવા જાય છે. બીજા પ્રકારના અલગારી ભક્તો છે જે શિવજીના પ્રસાદના બહાને ગાંજા અને ચરસ સહિતના ડ્રગ્સના દમ મારી પવિત્ર શ્રાવણ માસની મજાક બનાવી બેઠા છે. અને ત્રીજા પ્રકારના ભક્તો છે જુગારીઓ..! શ્રાવણ ના બહાને જુગાર રમવા બેસી જાય છે અને ખાસ કરીને સાતમ-આઠમમાં જાણે જુગારનો જ મહિમા હોય તેવું પ્રસ્થાપિત કરે છે. આ ત્રણે પ્રકારના શિવજી ભક્તો વચ્ચે ગાંજા અને જુગારવાળા ભક્તો પવિત્ર શ્રાવણ

માસને કલંકિત કરી રહ્યા છે. શ્રાવણ માસને પગલે ગુજરાતમાં ગાંજાની ડિલિવરી વધી હોવાનું સ્ફોટક નિવેદન શેરથા ટોલટેક્સ પાસેથી પકડાયેલા ડ્રગ પેડલરે પોલીસ સમક્ષ આપ્યું છે. ઈન્ટ્રોગેશન કરી રહેલી ગાંધીનગર એસઓજીની ટીમે આ નિવેદનને પગલે જિલ્લાના પ્રવેશદ્વાર ઉપર ખાસ વોચ ગોઠવી ગાંજાની હેરાફેરી પર ચાંપતી નજર શરૂ કરી દીધી છે.

બે દિવસ પહેલા શેરથા ટોલટેક્સ પાસેથી ૨૮ કિલો ગાંજાના જથ્થા સાથે પકડાયેલા ચાર ડ્રગ પેડલર્સનુ ગાંધીનગર એસઓજી પી.આઈ પરેશ સોલંકી સગન ઈન્ટ્રોગેશન શરૂ કર્યુ છે. કોર્ટે આ ચારેય શખ્સોની બારીકાઈથી પૂછપરછ કરવા માટે ૧૪ ઓગસ્ટ સુધી એટલે કે ચાર દિવસ સુધીના રિમાન્ડ મંજૂર કર્યા છે. આરોપીઓના ઈન્ટ્રોગેશનમાં બહાર આવ્યું છે કે શ્રાવણ માસ ને પગલે ગાંધીનગર સહિત ગુજરાતભરમાં ડ્રગની ડિમાન્ડ વધી છે તેમાં પણ ખાસ કરીને શિવજીના પ્રસાદ ના બહાને ગાંજાની ડિમાન્ડ વધી છે જેને પગલે ગાંજાની હેરાફેરી પણ ગુજરાતમાં વધી ગઈ છે. પકડાયેલા શખ્સો સુરતના ગાંજાના મોટા ડીલર શંકર નામના શખ્સ ના સંપર્કમા હતા. શંકરે કોન્ફરન્સ કોલ કરીને પાટણના વારાઈ ગામ પાસેથી એક ડીલીવરી બોય મારફતે આ શખ્સોને ગાજાની ડિલિવરી અપાવી હતી. ગાંધીનગર એસ.ઓ.જી.એ આ દિશામાં તપાસ કરી એક ટીમ પાટણ ખાતે વારાઈ ગામે મોકલી દીધી છે અને એક ગોસ્વામી નામના શખ્સ કે જેને શંકરના કહેવાથી ડિલિવરી આપી હતી અને હવે અંડરગ્રાઉન્ડ થઈ ગયો છે તેને પકડવા કવાયત શરૂ કરી છે. તો બીજી તરફ ગાંધીનગર એસઓજીની બીજી એક ટીમ સુરત રવાના કરી દેવાઈ છે જે મુખ્ય સૂત્રધાર શંકરને પકડવા કામે લાગી છે.

આજે કાવડ જલાયાત્રા અમરનાથ ધામ પહોંચશે

ગાંધીનગર, તા.૧૨

પવિત્ર શ્રાવણ માસ નિમિતે ઓઢવ પંચદેવ મંદિરથી આજે સવારે ૮ કલાકે ગંગાજળ કાવડ પદયાત્રાનો પ્રારંભ થયો છે. આ

પદયાત્રામાં પાંચ હજારથી વધુ ભકતો જોડાયા છે. શ્રાવણીયા પ્રથમ સોમવારે અમરનાથ ધામ પહોંચી ભકતો જલાભિષેક કરશે. ૫૫ કિ.મી.નું અંતર કાંપીને ભકતો સોમવારના રોજ મહુડી માર્ગ પર આવેલ અમરનાથ ધામ પહોંચશે. આ યાત્રા મોડીસાંજે ગાંધીનગર શહેરમાંથી પસાર થઈ હતી. જયારે નગરજનો પણ અચંબામાં પડી ગયા હતા. જયારે હર હર મહાદેવના નારાથી શહેરના માર્ગો ગુંજી ઉઠ્યા હતા.

પવિત્ર શ્રાવણ માસમાં પ્રથમવાર ઓઢવના જય અંબે મિત્ર મંડળ દ્વારા ગંગાજળ કાવડ જલયાત્રાનું આયોજન કર્યું છે. આ કાવડ જલયાત્રાનો પ્રારંભ શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર મહંત દિલિપ દાસજી તેમજ શ્રી ૧૦૦૮ વજ્ર પીઢાધીશ્વર મહામંડલેશ્વર રાજેન્દ્રગીરી મહારાજ અને પૂજ્ય સંત લક્ષ્મણદાસજી મહારાજના હસ્તે કરવામાં આવ્યો હતો. આ પદયાત્રા સવારે ઓઢવ પંચદેવ મંદિરથી નીકળીને એરપોર્ટ, હાંસોલ થઈને સાંજના સુમારે શહેરના ઘ માર્ગ પરથી પસાર થઈ હતી.જયારે પેથાપુર થઈને ગ્રામભારતી અમરનાથ ધામ ખાતે પહોંચશે. જયારે પાંચ હજારથી વધુ ભકતો કાવડ જલયાત્રા લઈને શહેરના રાજમાર્ગ પરથી પસાર થઈ રહ્યા હતા ત્યારે અનોખુ આકર્ષણ સર્જાયું હતું. જયારે નગરના માર્ગો પણ હર હર મહાદેવના નારાથી ગુંજી ઉઠ્યા હતા.

ગાંધીનગર નજીક ભાટમાં ૬૨,૦૦૦ ચો.મી. વિસ્તારમાં વિશાળ ઔડા ગાર્ડનનું નિર્માણ કરાશે

આ વર્ષે ૧૦ કરોડ વૃક્ષો વાવીને ગુજરાતને ગ્રીન ગુજરાત-કલીન ગુજરાત બનાવવા રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ ગાંધીનગરમાં ભાટ પાસે ૬૨,૦૦૦ ચો.મી. વિસ્તારમાં આકાર લઇ રહેલા ઔડા ગાર્ડનમાં

આજે ૩૫,૦૦૦ જેટલા વૃક્ષો વાવવાના અભિયાનનો શુભારંભ કરાવતા કહ્યું કે, આજે પવિત્ર શ્રાવણ માસના પ્રથમ દિવસે પર્યાવરણ સંરક્ષણના પ્રયત્નોથી આપણે જીવ અને શિવ વચ્ચે એકાત્મતા સાધવાના પ્રયત્નો કરીએ. પર્યાવરણને ધર્મ સાથે જોડીને આપણે તેના સંરક્ષણ માટે પ્રતિબદ્ધ છીએ. ગુજરાતમાં વરસાદની સ્થિતિ ચિંતા જન્માવે છે ત્યારે વરૂણદેવને પ્રાર્થના કરતાં તેમણે જણાવ્યું હતું કે, આપણે વ્યાપક રીતે વૃક્ષારોપણ કરીએ અને વૃક્ષો ઉછેરીએ એ જ સમયની માંગ છે.

ગાંધીનગરના ભાટ ગામ પાસે અમદાવાદ શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા ૬૨,૦૦૦ ચો.મી. વિસ્તારમાં સાયકલ ટ્રેક, વૉક-વે, એમ્ફી થિયેટર અને પાર્ટી પ્લોટ સાથેનું ઉદ્યાન આકાર લઇ રહ્યું છે. આ વિશાળ ઉદ્યાનમાં આજે હિરો મોટોકોર્પ અને ધી ટાઇમ્સ ઓફ ઇન્ડિયાના 'ગ્રીન ડ્રાઇવ' પ્રોજેક્ટ અંતર્ગત વન વિભાગના સહયોગથી વૃક્ષારોપણ અભિયાન હાથ ધરાયું હતું. ધી ટાઇમ્સ ઓફ ઇન્ડિયાને રાજ્ય સરકાર તરફથી અભિનંદન પાઠવતા હતા.

જિલ્લામાં ૧૫મી ઓગસ્ટ પછી સારા વરસાદની સંભાવના

મધ્યપ્રદેશથી આવતું વરસાદી વહન મજબૂત નિવડશે તો આગામી ૧૬, ૧૭, ૧૮ ઓગસ્ટે સારો વરસાદ વરસવાનો હવામાન શાસ્ત્રી અંબાલાલ પટેલનો અંદાજ

ગાંધીનગર, તા. ૧૨

આ વર્ષે ચોમાસુ અડધો ઓગસ્ટ વિતવા આવ્યો છતાં મનને ટાઢક વળે તેવું જામ્યું નથી. અત્યાર સુધી ગાંધીનગર જિલ્લાએ માત્ર કેટલાંક ઝાપટાંના સહારે જ ચોમાસું બેસી ગયું હોવાનો સ્વીકાર કરવો પડ્યો છે. જોકે આગામી તા. ૧૫મી ઓગસ્ટ પછી સારા વરસાદની શક્યતા હોવાનું ગાંધીનગરના જાણીતા હવામાન શાસ્ત્રી અંબાલાલ પટેલે જણાવ્યું છે.

અંબાલાલ પટેલના જણાવ્યાં મુજબ ગીરનારી પવનના લીધે અગાઉ ઓગસ્ટમાં આઠમી તારીખથી વરસાદ થવાનો હતો પણ ઘણા ભાગોમાં ઘણો ઓછો તો કોઈ કોઈ ભાગોમાં ભારે વરરસાદ હતો. અષાઢ માસમાં નૈઋત્યના પવનથી વરસાદ ઓછો થતો હોય છે. જો મધ્યપ્રદેશનું વહન વધુ ફરક્કા લઈને આવે અને મોટા વિસ્તારમાં આવે તો સારો વરસાદ થાય. દક્ષિણ - પશ્ચિમ મોનસુનનું વરસાદી વહન ઉત્તર ગુજરાતના ભાગોમાં બરાબર પહોંચતું નથી એટલે હવામાન જો સાનુકૂળ હોય તે ભાગોમાં વરસાદ થતો હોય છે. ગ્રહો તેમજ અન્ય આધારે જોતાં તેમજ ભૌગોલિક બાબતો જોતાં સમુદ્રમાં ઊંચા મોજાં ઉછળે અને સમુદ્રમાં કરંટ આવે. ગુજરાત સૌરાષ્ટ્રના ભાગોમાં તા. ૧૫ થી ૨૧માં સારા વરસાદની શક્યતા રહે. તા. ૧૪, ૧૫ દક્ષિણ ગુજરાતમાં વરસાદ થાય. દક્ષિણ મહારાષ્ટ્રના ભાગોમાં પણ વરસાદની શક્યતા રહે. મુંબઈ મહારાષ્ટ્રના ભાગોમાં વરસાદ થાય. જ્યારે તા. ૧૬, ૧૭, ૧૮ ગુજરાત સહિત ઉત્તર ગુજરાતના ભાગોમાં એટલે કે સુરેન્દ્રનગર જિલ્લાના ભાગો, કચ્છના ભાગોમાં પણ વરસાદ થવાની શક્યતા રહેશે. મુંબઈ, મહારાષ્ટ્ર, આહવા, ડાંગ, વલસાડ, દક્ષિણ ગુજરાતના ભાગો અને સૌરાષ્ટ્રના દરિયાકિનારાના ભાગોમાં પણ વરસાદની શક્યતા રહેશે. મધ્યપ્રદેશનું વહન જો બળવાન હશે તો ઉત્તર ગુજરાતના ભાગોમાં ભારે વરસાદ થઈ શકે. ચોમાસુ હજુ ગયું નથી. વરસાદની શક્યતા છે. ગીરનારી પવન પ્રતિકૂળ હોવાથી વરસાદ વધતો ઓછો પડે છે.

ગણતરીમાં...

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

વિસ્તાર કરતા પણ પછાત હોવાનું જણાય છે. આપણે એના દૃષ્ટાંતો જોઈએ. જેમ કે ગુજરાતનો ડાંગ જિલ્લો કે જયાં સૌથી વધારે પ્રમાણ ટકાવારીની રીતે આદિવાસી વસ્તી છે, ડાંગમાં માત્ર ૧.૦૨ પરિવારોને જર્જરિત મકાનમાં રહેવું પડે છે જયારે એ ગ્રામીણ - શહેરી તરાહમાં ચકાસીએ તો ગ્રામીણ ડાંગના ૧.૦૬ ટકા અને શહેરી ડાંગનાં ૦.૬૯ ટકા પરિવારો ખખડધજ આવાસમાં રહે છે.

યાદ રહે કે ખંડિયેર હાલતના મકાનોમાં વસવાટ કરનાર ગરીબ જ હશે, અને ગરીબ હોય તો સ્વાભાવિક છે કે સંયુક્ત કુટુંબ હોવાથી અને સભ્ય સંખ્યા (વધુ સંતાનો) વધારે હોવાની જ. એ રીતે જોઈએ તો ગાંધીનગરના ૫૩૦૦ પરિવારોની જો સંખ્યા જોઈએ તો સામાન્ય પરિવાર કરતાં ઘણી વધુ હોવાની. આ પણ પાટનગર-જિલ્લાની આંકડાકીય હકીકત છે દોસ્તો...

(લેખક સમાજશાસ્ત્રના સહ પ્રાધ્યાપક છે.)

ભેટ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

આપવામાં આવે છે. સરકાર માઈક્રો ઈન્સ્યોરન્સ સ્કીમની પણ જાહેરાત કરી શકે છે. રુપેકાર્ડ હોલ્ડરોને મળનાર મફત વિમાની રકમને વધારીને વધુ કરી શકાય છે. એક લાખ રૂપિયાથી આ રકમને વધારી શકાય છે. વડાપ્રધાન જનધન યોજનાના બીજા તબક્કાનું ૧૫મી ઓગસ્ટના દિવસે પૂર્ણ કરી રહ્યા છે. યોજના માટે હવે નવા લક્ષ્ય નક્કી કરવામાં આવનાર છે. આની જાહેરાત માટે સ્વતંત્રતા દિવસનો પ્રસંગ ખુબ યોગ્ય રહી શકે છે. જનધન યોજનાની શરૂઆત ઓગસ્ટ ૨૦૧૪માં કરવામાં આવી હતી. પ્રથમ તબક્કો ૧૪મી ઓગસ્ટ ૨૦૧૫ના દિવસે પૂર્ણ કરાયો હતો. છેલ્લા ચાર વર્ષના ગાળામાં આ યોજના હેઠળ ૩૨.૨૫ કરોડ ખાતા ખોલવામાં આવ્યા છે. આમા ૮૦૬૭૪.૮૨ કરોડ રૂપિયા જમા કરવામાં આવ્યા છે.

યાન રવાના

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

સૂર્યના વાયુમંડળમાં તાપ અને ઉર્જા અને ગતિવિધિ અંગે માહિતી મેળવવાના પ્રયાસ કરશે. આ પહેલા શનિવારના દિવસે પાર્કર સોલાર પ્રોબને લોંચ કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી પરંતુ ટેકનિકલ ખામી સર્જાવવાના કારણે લોન્ચિંગને ટાળી દેવાનો નિર્ણય કરાયો હતો. સૂર્યની નજીક પહોંચવા માટે આ યાન પ્રયાસ કરશે. કેપ કેનેરવલ સ્થિત લોંચ સ્થળથી ડેલ્ટા-૪ રોકેટ મારફતે આ યાનને લોંચ કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. આ સ્પેશ ક્રાફ્ટને મોકલવાનો ઉદ્દેશ્ય સૂર્યની નજીકના વાતાવરણ, તેના સ્વભાવ અને કાર્યપ્રણાલીને સમજવાના પ્રયાસ કરવામાં આવશે. આ મિશન સાત વર્ષ સુધી સૂર્યના વાતાવરણને સમજવાના પ્રયાસ કરશે. આ પ્રોજેક્ટ ઉપર નાસાએ ૧૦૩ અબજ રૂપિયાનો ખર્ચ કર્યો છે. આ યાનને ખુબ જ શક્તિશાળી હિટશિલ્ડથી સુરક્ષિત કરવામાં આવ્યું છે. સુર્યની નજીક તાપને સહન કરી શકે તે માટે આ સુરક્ષિત શિલ્ડ ગોઠવવામાં આવ્યું છે.

જોવાતી રાહ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

એવુ ઘણીવાર બન્યુ. જો કે વરસાદે ફરી હાથતાળી આપી હોય તેમ સાંજ સુધી વરસાદ પડ્યો ન હતો. કેટલાક વિસ્તારોમાં એકાદ ઝાંપટુ વરસ્યુ હતુ. તે સિવાય નોંધપાત્ર કહી શકાય એવો વરસાદ પડ્યો ન હતો. કાળા ડિબાંગ વાદળો ઘેરાતા વસાહતીઓ એકાદ-બે દિવસમાં સારો વરસાદ પડશે તેવી આશા રાખી રહ્યા છે. મેઘરાજાની કૃપા અનરાધાર વરસે તે માટે સૌ કોઈ પ્રાર્થના કરી રહ્યા છે.

વિરોધ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

ફોરમમાં રજુ કરવાની ખાતરી આપી હતી.

અપેક્ષિત આગેવાનોએ સ્થાનિક ઉમેદવારની જ પસંદગી કરવામાં આવે તેવો આગ્રહ કર્યો હતો. તેમણે જણાવ્યુ હતુ કે કાર્યકરોની લાગણીને જો ધ્યાને નહિ લેવાય તો તેની અસરો પરિણામમાં જોવા મળશે.

ગાંધીનગર જિલ્લાના પાંચ વિધાનસભા મતવિસ્તારો સંસદની ત્રણ બેઠકો પર વહેંચાયેલા છે. ગાંધીનગર (૩) અને કલોલ ગાંધીનગર લોકસભા સાથે ગાંધીનગર (દ) અને દહેગામ અમદાવાદ પૂર્વ બેઠક સાથે જ્યારે માણસા વિધાનસભા મતવિસ્તાર મહેસાણા બેઠક સાથે જોડાયેલ છે જે ઉલ્લેખનીય છે.

અમિત શાહ, મુખ્યમંત્રીઓ, મંત્રીઓ, ઉચ્ચ અધિકારીઓ પાછળ હિન્દુત્વનાં નામે

અંબાજી મંદિરમાં આગતા-સ્વાગતામાં લાખો રૂપિયા વેડફાયા : ડૉ. હિમાંશુ પટેલ

અમદાવાદ, તા. ૧૨

હિન્દુત્વના નામે સત્તા લાલસા સંતોષવા સાથે ધાર્મિક ઉત્સવો અને નવરાત્રી વેકેશનથી વોટ બેન્ક ટકાવી રાખવાનો પ્રયાસ કરી રહેલાં ભાજપનાં સર્વે સર્વા અમિત શાહથી લઈ મુખ્યમંત્રીઓ, મંત્રીઓ સહિત ભાજપ સરકારનાં પદાધિકારીઓ અને ઉચ્ચ અધિકારીઓએ મા જગદંબાનાં દર્શન કરી 'ફુલ નહી તો ફુલની પાંખડી'ચરણોમાં ધરવાનાં બદલે શિષ્ટાચારનાં બહાને લખ લૂંટ ખર્ચ કરાવતાં તેમનાં અસલી ચહેરાનો પર્દાફાશ થયો છે. અગાઉ રામ મંદિરનાં નામે ઈંટોનું ઉઘરાણું કરી તરી ગયેલાં ભાજપનાં આ મહાનુભાવોનાં ચા-નાસ્તા, જમવાથી લઈ ભેટ પાછળ બે વર્ષમાં રૂપિયા ૭.૪૦ લાખ જેટલો ખર્ચ અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા કરવો પડ્યો તે ગુજરાત મોડેલનાં ખોખલા હિન્દુત્વ માટે શરમજનક હોવાનું કોંગ્રેસનાં પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલે જણાવ્યું છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસનાં પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલે જણાવ્યું છે કે, વિશ્વ સુપ્રસિદ્ધ શ્રી અંબાજી માતાનું મંદિર કરોડો ભાવિકો માટે આસ્થા અને ભક્તિભાવનું અદ્વિતીય કેન્દ્ર છે. જેમાં મા જગદંબાને શિશ ઝૂંકાવી લાખો ભક્તો દ્વારા કરોડો રૂપિયા, જર-ઝવેરાત અને સોનું મા ના ચરણોમાં મૂકવામાં આવે છે ત્યારે આ મંદિરનું સંચાલન કરતા શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટમાં ભાજપ સરકારનાં મહાનુભવો અને ઉચ્ચ અધિકારીઓની આગતા - સ્વાગતા, ભેટ-સોગાદો વગેરે વગેરેનાં જંગી ખર્ચા શિષ્ટાચારનાં નામે કરી કરોડો ભાવિકોની શ્રદ્ધા ઉપર કઠુરાઘાત કરવામાં આવ્યો છે. જેમાં ભાજપનાં રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ થી લઈ મુખ્યમંત્રી આનંદીબેનપટેલ અને વિજયભાઈ રૂપાણી તેમજ મંત્રીમંડળનાં ઘણાં સભ્યો અને તેમનાં સગા-સંબંધીઓએ દર્શનનાં બહાને આગતા – સ્વાગતા પાછળ મંદિર – ટ્રસ્ટમાં લાખો રૂપિયાનો ખર્ચ પડાવી હિન્દુત્વનાં નામે ધર્મનો કરાતો વેપલો જાહેર કર્યો છે.

અંબાજી મંદિરમાં આ ટ્રસ્ટમાં ડી. જે. રાવલ મહારાજ વિશ્રામગૃહ, અંબાજી તેમજ તેની પેટા સંસ્થાઓમાં વર્ષ ૨૦૧૫ થી ૨૦૧૭ દરમિયાન કુલ ૭,૩૯,૩૧૦ રૂપિયા આ મહાનુભાવો પાછળનાં શિષ્ટાચારમાં વેડફવામાં આવ્યાં છે. જેમાં માતાજીનાં ફોટા, પંચધાતુનાં સિક્કા, કેલેન્ડર્સ, શ્રીયંત્ર ભેટમાં આપીને રૂપિયા ૪,૩૩,૯૦૯નો ખર્ચ પાડવામાં આવ્યો છે. જ્યારે ચા-નાસ્તો, ભોજન, રહેવા માટે રૂપિયા ૩,૦૫,૪૦૧નો ખર્ચ ઉધારવામાં આવ્યો છે. ગરીબ – મધ્યમ વર્ગના ભાવિકોની એક – એક પાઈને હિન્દુત્વનો નકલી ચહેરો ધરાવતી ભાજપ સરકારનાં મંત્રીઓનાં પીએ-પીએસ, કલેક્ટરથી લઈ ઉચ્ચ અધિકારીઓ, ડીએસપીથી લઈ ડીઆઈજી વગેરે અધિકારીઓ અને તેમનાં સગાંઓએ મહેમાન બની લૂંટી લેતાં તેમની આસ્થાને ઠેસ પહોંચી છે.

બસ ત્રણ મહિનાથી બંધ... ● ત્રીજા પાનાનું ચાલુ

પુછપરછ કચેરી ખાતે તપાસ કરી તો બસ થોડીવારમાં આવશે તેમ એક કર્મચારી મહાશયે કહ્યું હતું. ત્યારબાદ ૬.૪૫ બાદ મુસાફરે તપાસ કરી તો પુછપરછ કાઉન્ટર પરથી અન્ય કર્મચારીએ જવાબ આપ્યો કે આ બસ તો બંધ થઈ ગઈ છે અને ત્રણ મહિના જેટલો સમય થઈ ગયો છે. ત્યારે સમય અને નાણાનો બગાડ થતા મુસાફર પરેશાન થઈ ગયો હતો. ત્યારે નિગમ દ્વારા વધુમાં વધુ મુસાફરો ઓનલાઈન સિસ્ટમ સેવાનો લાભ લે તે માટે પ્રચાર અને પ્રસાર કરવામાં આવે છે. પરંતુ જે બસ બંધ થઈ ગઈ છે તેનું અપડેટ કરવામાં પણ નિગમને આળસ આવતી હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે સલામત સવારી એસટી અમારીના સ્લોગનો વચ્ચે સામાન્ય મુસાફરોને હેરાન થવાનો વારો આવે છે.

કંપની સમાચાર

અમેરિકાના ન્યુજર્સીમાં ૨૨-૨૩ સપ્ટેમ્બર, ૨૦૧૮ના રોજ યોજાશે

બંધન વેડિંગ એક્સ્પો : અનેક એજન્સીઓ ભાગ લેશે

બંધન સેલિબ્રેશન્સ (અમેરિકા) અને હિતેશ ઈનોવેટિવ સોલ્યુશન્સ પ્રા.લિ.ના સંયુક્ત ઉપક્રમે ન્યુજર્સી (યુએસએ)માં ૨૨ અને ૨૩ સપ્ટેમ્બર, ૨૦૧૮ (શનિ-રવિ)ના રોજ બંધન વેડિંગ એક્સ્પોનું આયોજન કરાયું છે. બંધન સેલિબ્રેશન્સ (અમેરિકા)ના ગોવિંદભાઈ પટેલ અને હિતેશ ઠક્કરે પત્રકારોને સંબોધન કરતાં જણાવ્યું હતું કે અમેરિકાના ગુજરાતી સમુદાય અને ભારતના લોકોની લગ્નવિષયક વિવિધ જરૂરિયાતો અને લગ્નપ્રસંગને યાદગાર બનાવવાના ઉમળકાને સહયોગ આપવાના હેતુથી અમેરિકાની ભૂમિ પર લગ્ન વિષયક પ્રદર્શનનું ભવ્ય આયોજન કરાયું છે.

આ પ્રદર્શનમાં લગ્ન પ્રસંગ સાથે સંકળાયેલા વિવિધ એકમો જેવા કે વસ્ત્ર પરિધાન, જ્વેલરી, ઘરેણાં, પાર્ટી-પ્લોટ્સ, ગીત-સંગીત, બ્યુટીક, મહેંદી-ટેટુ આર્ટીસ્ટ, ફ્લાવર્સ આર્ટીસ્ટ, ડેકોરેટર્સ, કેરર્ટસ, ફોટોગ્રાફર, વિડીયોગ્રાફર, પરંપરાગત વસ્ત્રો, બ્રાઈડલ-વેર અને કોસ્ટેમેટિક્સ, કંકોતરી-કાર્ડ, હેન્ડીક્રાફ્ટ્સ, વગેરે તેમાં ભાગ લઈ રહ્યા છે. અમેરિકામાં વસતા આશરે ૧૭-૧૮ લાખ ગુજરાતીઓ આજે પણ લગ્નવિષયક બાબતમાં ગુજરાત સાથે ગાઢ રીતે સંકળાયેલા છે.

કાયદો અને કાનૂન ● ચોથા પાનાનું ચાલુ

ચાલતા નથી સામાજીક પ્રશ્નો ઉભા થાય છે. જાતિય ભેદભાવના કારણે સમલીંગો તેમની શારિરીક તકલીફોમાં તબીબી સારવાર લઈ શકતા નથી જાહેરમાં મુદ્દો ચર્ચા કરી શકતા નથી પોતાના દુઃખ બીજા સાથે શેર કરી શકતા નથી જેનાથી સમલીંગો બાયસેકયુઅલ થઈ જાય છે જેનાથી કેટલાક ગંભીર રોગોનો ફેલાવો સમાજમાં થાય છે ડોકટરો પણ આવા લોકો સાથે ભેદભાવથી વર્તે છે જે ગંભીર બાબત છે.

સમલીંગતાને અપરાધની શ્રેણીમાંથી બહાર મુકવામાં આવતા સમાજની માનસીકતા બદલાતા કેટલાક નવા ફેરફાર ઉત્પન્ન થશે લોકો નિર્ભય થઈ સમાજનો સામનો કરી પોતાના મનપસંદ પાત્ર સાથે જાહેરમાં સહજીવન જીવી શકશે. કલમ ૩૭૭ રદ થતા કેટલાક માનસીક અપરાધમાંથી બહાર આવશે જેની અસર સમાજ ઉપર ચોક્કસ પડશે.

અતિતની આજ ● ચોથા પાનાનું ચાલુ

છતાં અમ્માએ એ જોડાણને નકારી કાઢીને પણ ભવ્ય વિજય મેળવ્યો હતો. કેન્દ્રમાં અટલ બિહારી વાજપેયીની સરકાર હતી ત્યારે દ્રમુક અને અન્નાદ્રમુક સાથે વારાફરતાં સમજૂતી થઈ હતી. જયલલિતા તો અયોધ્યામાં રામમંદિર મુદ્દે ભાજપના સમર્થનમાં હતાં,પણ પછીથી એમને એ મૈત્રી માફક આવી નહોતી.એવુંજ કંઈક દ્રમુકનું પણ હતું.વાજપેયી સરકારમાં દ્રમુકની ભાગીદાર હતી,પણ પછી ડૉ.મનમોહન સિંહની સરકારમાં પણ દ્રમુક સહભાગી હતો. બંને મુખ્ય દ્રમુક પક્ષોની નીતિ "જિસકે તડ મેં લડ્ડુ, ઉસકે તડ મેં હમ" જેવી જ રહી છે.જયલલિતાના અવસાન બાદ અન્નાદ્રમુકમાં ભાગલા પડ્યા હતા.એમને ભેગાં કરવાનું શ્રેય કંઈક અંશે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને જાય છે. એટલે તમિળનાડુમાં સત્તાપક્ષ અન્નાદ્રમુક મોદીની દત્તક પાર્ટી ગણાવાય છે.

અળાગિરિ વિ.સ્ટાલિન-કનિમોળી

સ્ટાલિનને કરુણાનિધિએ પોતાની હયાતીમાં જ દ્રમુકમાં "નંબર-ટુ" નિયુક્ત કરીને કાર્યાધ્યક્ષ બનાવતાં એમનું હવે દ્રમુકના સર્વોચ્ચ નેતા બનવું સ્વાભાવિક છે. કરુણાનિધિએ માર્ચ ૧૯૫૩માં જન્મેલા આ પુત્રનું નામ પેરિયાર (અય્યા) અને અન્નાદુરાઈ (અન્ના)ના નામ પરથી અય્યાદુરાઈ રાખવાનું વિચાર્યું હતું,પણ સોવિયેત શાસક જોસેફ સ્ટાલિનને અંજલિ અર્પવા માટે યોજાયેલી સભામાં એમણે પુત્રજન્મના સમાચાર મળતાં તેમણે એનું નામ સ્ટાલિન જાહેર કર્યું હતું ! સ્તાલિનની ઓરમાન બહેન અને મહિલા તેમજ સાહિત્ય-કલા વિભાગની પ્રભારી એવી સાંસદ-કવયિત્રી કનિમોળીએ તો સ્ટાલિનને ટેકો આપી દીધો છે. મદુરાઈ ખાતે રહેતો સ્ટાલિનનો સગો ભાઈ અળાગિરિ પક્ષમાંથી તગેડાયા પછી પણ કેડરમાં ભાગલા પડાવીને સ્ટાલિનને પજવી શકે છે.બંનેના ટેકેદારો વચ્ચે ભૂતકાળમાં પણ લોહિયાળ જંગ ખેલાતો રહ્યો છે. દિલ્હીનાં સત્તાકેન્દ્રો જયારે રાજકીય જાળ બિછાવે ત્યારે તેમાં કરુણાનિધિના પરિવારના આંતરકલહનો લાભ જરૂર લેવાય.લંગર અળાગિરિ ભણી ફેંકાય એ પહેલાં સ્ટાલિન અને કનીમોળીને અજમાવી જોવાય એ સ્વાભાવિક છે. ૧૯૭૭થી ૧૯૮૭ સુધી મુખ્યમંત્રી રહેલા એમજીઆરનું નિધન થતાં તેમનાં પત્ની વી.એન.જાનકી (અગાઉનાં અભિનેત્રી) અને એમજીઆરની સુપરહિટ ફિલ્મોનાં હીરોઈન તથા રાજકીય ક્ષેત્રમાં પટ્ટશિષ્યા જયલલિતા જયરામ વચ્ચે મુખ્યમંત્રીપદ માટેની ખેંચતાણમાં અન્નાદ્રમુક બે ફાડમાં વિભાજીત થયો હતો.

દ્રવિડ પક્ષોમાં ભાગલા અને રેણ

છેક પેરિયારના વખતથી દ્રવિડ પક્ષોમાં ભાગલા પડતા રહ્યા છે. ભાગલા પછી ઘણા દ્રવિડ પક્ષો અમિબાની જેમ એકીકરણ પણ સાધતા રહ્યાં છે. એમજીઆરના ગયા પછી અન્નાદ્રમુક બે છાવણીમાં વહેંચાયો. જાનકીઅમ્મા માત્ર ૨૩ દિવસ માટે મુખ્યમંત્રી બન્યાં, પણ અંતે રાજકારણમાં છવાયાં તો જયલલિતા જ. બે ફાડ પાછી એક થઈ ગઈ હતી.જયલલિતાના મૃત્યુ પછી પણ પક્ષમાં બે ભાગ પડ્યા અને મોદીની મદદથી રેણ પણ થયાં. હવે દ્રવિડ ચળવળનો મુદ્દો ઝાઝો પ્રભાવી રહેતો નથી એટલે નાણાંની થેલીઓ ખુલ્લી મૂકીને ખેલાતાં રાજકારણમાં ક્યારે કોણ કોની વહેલમાં બેસે છે અને દ્રવિડ ચળવળના માંધાતા વિદાય થયા પછી કયો રાષ્ટ્રીય પક્ષ સોગઠી મારે છે એના ભણી સૌની મીટ છે.દિલ્હીશ્વર માટે અત્યારના સત્તારૂઢ અન્નાદ્રમુક કરતાં દ્રમુકને મનાવી લેવાનું વધુ આકર્ષક રહે. કારણ સ્પષ્ટ છે. વેરવિખેર અન્નાદ્રમુક કરતાં દ્રમુકના એક નેતા સ્ટાલિન સાથે વાત કરીને ચૂંટણી સમજૂતી ઠરાવી શકાય.સ્ટાલિનને ચેન્નઈની ગાદીમાં રસ છે. બહેન કનિમોળી દિલ્હીના રાજકારણમાં રહે.અત્રે સ્મરણ રહે કે અગાઉ દિલ્હીમાં સાંસદ રહીને જ જયલલિતા ચેન્નઈની ગાદી સંભાળવાના દાવપેચ બરાબર શીખી શક્યાં હતાં !

haridesai@gmail.com

લાગ્યું એવું લખ્યું... ● અનુસંધાન બીજાનું ચાલુ

છે કે જાણે વાહન કોઈ ડુંગર ચઢતું હોય અને કેટલાક સ્પીડ બ્રેકર્સ એક સાથે એટલી બધી સંખ્યામાં હોય કે જાણે તમને ફરજિયાત એરોબિક્સ કરાવીને જ જવા દેવાના હોય. આ પ્રકારના સ્પીડબ્રેકર્સ પરથી પસાર થાવ એટલે ટુ-વ્હીલર ચાલકોને ક્યાં તો બેલેન્સ ગુમાવી પડવાનો વારો આવે અથવા કમરદર્દની ભેટ મળે જ્યારે કારચાલકોને કારનો નિચેનો ભાગ સ્પીડબ્રેકર સાથે ઘસડાવાની અને કાર સહિત પેસેન્જર્સના શરીરના